
MY FIRST STEPS IN ENGLISH
BOOK II



MACMILLAN & COMPANY, LIMITED
BOMBAY CALCUTTA MADRAS LONDON
1931

Price : 8 Annas

MY FIRST STEPS IN ENGLISH
BOOK II



MACMILLAN & COMPANY, LIMITED
BOMBAY CALCUTTA MADRAS LONDON
1931

Price: 8 Annas

Printed by V. P. Pendherkar, at the Tutorial Press,
211a, Girgaon Back Road, Bombay and Published by F. E. Francis,
for Messrs. Macmillan & Co., Ltd., Fort, Bombay

PREFACE

Every one who has experience of teaching a foreign language to young children knows how difficult it is to hit upon some sound and rational method at the very start. This little book, the first of a series is intended to provide such a method in respect of the teaching of English in our Anglo-Vernacular Schools. It is an attempt to present what, for want of a better name, may be called the Synthetic Method for the study of English—a method which is neither the Indirect one employed in the *Pâthmālās* so largely in use in the early stages, nor the Direct one which for children who have no opportunities of using English in the playground or the home has obvious difficulties of its own. The method adopted in this book seeks to co-ordinate the good features of both these methods and to steer clear of those which in practice present serious inconveniences.

Our principal aim has been to adapt the lessons and the knowledge imparted through them to the mental growth of the average beginner and to ensure ease and rapidity in his acquiring the correct use of English words and sentences at this early stage.

A successful use of this book demands that the following suggestions be observed :—(1) The main

effort should be to see that the young beginner learns to form sentences 'in the rough'. Exactness and elaboration should not be insisted upon at an early stage. (2) The grammatical portions of this book are of subsidiary interest. The beginner should not be made to commit rules to memory; nor unless it is specially desired, should his knowledge of the rules be tested. (3) The child's progress should be very gradual and nothing should be done which might tend to shake his confidence in his steady advance.

Teachers of this series are kindly invited to communicate to the publishers any difficulties they or the children experience in the use of this book and to make suggestions for meeting these or making further improvements in the method or the text.

CONTENTS

Part I

Part II

MY FIRST STEPS IN ENGLISH
BOOK II

PART I

LESSON I
Transitive and Intransitive Verbs

[1]

I laugh.
Manu sleeps.
The lion roars.
The sun rises in the morning.
Stars shine by night.
The master sits on a chair.
The kite flies high up in the air.
His horse runs very fast.

ઉપરનાં વાક્યોમાં વપરાયલાં ક્રિયાપદો તપાસો.

દરેક વાક્યમાં કર્તા જે કામ કરે છે તે માત્ર ક્રિયાપદથી પૂરી રીતે કહેવાયું છે.

અર્થ પૂરો કરવા એ ક્રિયાપદો જોડે કર્મની જરૂર રહી નથી. માટે એ ક્રિયાપદો Intransitive રીતે વપરાયલાં છે.

Intransitive = અકર્મક.

[2]

I win a prize.

The master reads a book.

Hari sings a song.

A mother loves her child.

My sister knits stockings.

The Raja shoots tigers in the jungle.

My mother cooks rice and curry.

Manu's house has four windows.

Do you play cricket ?

Has he a watch ?

Does Nanu not write his home work ?

Has Rama a pen ?

Do dogs eat grass ?

Does Lila sell fruit ?

Do young children shoot birds ?

Do masons build houses ?

આ વિભાગમાં આપેલાં વાક્યોમાં માત્ર ક્રિયાપદથી ક્રિયાનો પૂરો અર્થ સૂચવાયો નથી. પણ કોના ઉપર ક્રિયા થઈ તે બતાવનાર કર્મ પણ વપરાયું છે. માટે એ ક્રિયાપદો Transitive રીતે વપરાયાં છે.

Transitive = સકર્મક.

મનોયત્ન

(1) નીચેનાં Transitive ક્રિયાપદો વાપરી વાક્યો બનાવો:—

To have	To climb	To write
To make	To throw	To break
To buy	To keep	To please
To milk	To ride	To love
To eat	To sell	To kill

(2) નીચેનાં Intransitive ક્રિયાપદો વાપરી વાક્યો બનાવો:—

Am	To weep	To rise
To shine	To sleep	To fly
To laugh	To walk	To run

(3) નીચેનાં ક્રિયાપદો વાપરી વાક્યો બનાવો, અને તે Transitive કે Intransitive ક્રિયાપદ છે તે જણાવો.

To be	To sing	To laugh
To fill	To write	To see
To fall	To drink	To build
To sit	To bring	To jump
To want	To tell	To run

(4) નીચેનાં વાક્યોમાં વપરાયલાં ક્રિયાપદો Transitive છે કે Intransitive છે તે જણાવો, અને જે ક્રિયાપદ Transitive હોય તેનું કર્મ પણ બતાવો.

1 Manu loves Rama's dog.
2 There is a tiger in the circus.
3 Kamala does not dance.
4 The boy has a nice cap.
5 I do not know the man.
6 There are twenty pens in that box.
7 I see a cow, a horse, and a buffalo.
8 The elephant drinks water.
9 Yakub comes here.
10 The cowherd milks his cows.
11 Shirin reads a book.
12 Ram Narayan's father is a doctor.
13 Have you any sisters ?
14 Hari has a piece of chalk in his hand.

15 The gardener grows pretty flowers.
16 Does he not grow vegetables ?
17 How many hours a day do you work ?
18 The sun sets in the west.
19 Where does the sun go at night ?
20 Do the children play cricket ?

NEW WORDS

to roar = ગર્જના કરવી
to rise = ઊગવું
a star = તારો
by = વડે, થી
night = રાત
by night = રાતે
a kite = સમડી
to fly = ઊડવું
high = ઊંચું
sky = આકાશ
fast = જલદી, ઝડપ
to win = જીતવું
a prize = ઇનામ
to knit = ગુંથવું
a stocking = મોજું
a hunter = શિકારી
to shoot = તાકીને મારવું
a jungle = વન
to cook = રાંધવું
curry = કઢી
rice = ચોખા
every = દરેક
to write = લખવું
an exercise = મનોયત્ન
a bird = પક્ષી
a mason = કડીઓ
to build = બાંધવું
to climb = ચઢવું
to throw = નાંખવું, ફેંકવું
to break = ભાંગવું
to kill = મારી નાંખવું
to fill = ભરવું
to fall = પડવું
to bring = લાવવું
to know = જાણવું, ઓળખવું
about = આસરે
a buffalo = ભેંસ
a cowherd = ગાયનો ભરવાડ

a doctor = ડાક્ટર, વૈદ્ય
any = ગમે તે એક, કોઈક
piece = ટુકડો
chalk = ચાક
a gardener = માળી
to grow = ઉગાડવું, ઉગવું
vegetable = શાક ભાજી
an hour = કલાક
to work = કામ કરવું
to set = આથમવું
west = પશ્ચિમ
at night = રાતે

LESSON II

The Direct Object and the Indirect Object

I give a book.	I give *Suman* a book.
I tell a story.	I tell *you* a story.
The master teaches a lesson.	The master teaches *the boys* a lesson.
Freni brings water.	Freni brings *me* water.
The scout does a good turn.	The scout does *him* a good turn.
My mother offers a prize.	Mother offers *us* a prize.

The master promises a holiday.	The master promises *me* a holiday.

ઉપર સામસામાં ગોઠવેલાં વાક્યો સરખાવો.

I give a book. હું ચોપડી આપું છું.

Question. What do I give?

સવાલ. શું આપું છું?

Answer. I give a book.

જવાબ. ચોપડી આપું છું.

એમાં a book, ચોપડી, એ મુખ્ય કર્મ છે, તે Direct object, કહેવાય.

Direct object=મુખ્ય કર્મ (બીજી વિભક્તિનું કર્મ).

તેજ પ્રમાણે The master teaches a lesson, એ વાક્યમાં a lesson એ Direct object છે.

પણ એજ વાક્યોની સામે ગોઠવેલાં વાક્યો તપાસો.

I give *Suman* a book.

હું સુમનને ચોપડી આપું છું.

Question. To whom do I give a book?

સવાલ. હું કોને ચોપડી આપું છું?

Answer. I give *Suman* a book.

જવાબ. હું સુમનને ચોપડી આપું છું.

એમાં Suman એ ગૌણ કર્મ છે, તે Indirect object કહેવાય.

Indirect object=ગૌણ કર્મ (ચોથી વિભક્તિનું કર્મ).

તેજ પ્રમાણે The master teaches *the boys* a lesson, એ વાક્યમાં the boys એ Indirect object છે.

નોંધ ૧. જેને કંઈ આપવામાં આવ્યું હોય, અથવા જેને કંઈ કર્યું હોય તે ક્રિયાપદના Indirect object તરીકે આવે.

નોંધ ૨. સાધારણ રીતે Indirect object ક્રિયાપદ પછી તરતજ અને Direct object ની આગળ આવે છે. દા. ત. I give him a book એ વાક્યમાં ૧ ક્રિયાપદ (give), ૨ Indirect object (him), અને પછી ૩ Direct object (a book) એ ક્રમ છે.

નોંધ ૩. નીચેનાં વાક્યો સરખાવોઃ—

I gave *Suman* a book.	I gave a book *to Suman.*

Freni brings *me* water.	**Freni brings water *for me*.**

આ રીતે to અથવા for નામયોગી અવ્યય (preposition) વાપરી Indirect object ને Direct object ની પછી લાવી શકાય છે.

મનોયત્ન

(1) ખાલી રાખેલી જગામાં (Direct) object ઉમેરી વાક્યો પૂર્ણ કરો:—

1 She cooks.........
2 Bakul keeps.........
3 Does the horse eat.........?
4 He burns.........
5 Lions kill.........
6 Mani learns.........
7 Good girls feed.........
8 Those men there carry......in their hands.
9 I drink.........every morning.
10 That cruel boy beats.........

(2) ખાલી રાખેલી જગામાં Indirect object ઉમેરી વાક્યો પૂર્ણ કરો:—

1 I offer.........a book.
2 My friend sends.........a present.

3 The head-master teaches..........
English and Arithmetic.

4 His mother cooks......a good dinner.

5 My father promises.........a gift on
my birthday.

(3) નીચેનાં વાક્યોમાં જરૂર પ્રમાણે Indirect object અને Direct object મૂકો:—

1 My sister brings.........flowers.

2 His father buys him.........

3 My friend lends me.........

4 The servant brings........./.........

5 Rustom teaches........./..........

6 Rama writes his uncle.........

7 I ask.........a question.

8 He does not give.........an answer.

9 The master gives........./.........

10 The mason builds........./.........

(4) નીચેનાં વાક્યોમાં to અથવા for એ preposition (નામયોગી અવ્યય) પછી આવતાં કર્મને ક્રિયાપદના Indirect object તરીકે વાપરી વાક્ય ફરી લખો:—

દાખલો: I give a pen to Rehman, એ વાક્યને ઉપર જણાવ્યા પ્રમાણે ફેરવતાં I give Rehman a pen, એ પ્રમાણે થાય છે.

1 Suna makes a garland for her
brother.

2 Her brother offers a present to her.
3 Does your servant fetch water for you ?
4 He writes a letter to his friend.
5 The master explains a new lesson to the class.
6 A boy puts many questions to him.
7 My neighbour does not lend his spade to me.
8 The gardener promises mangoes to her.

NEW WORDS

a story = વાર્તા
to teach = શીખવવું
a turn = બદલો
a scout = બાળવીર
to offer = આપવા માંડવું
to promise = વચન આપવું
a dinner = જમણ
to lend = ધીરવું
to burn = બળવું, બાળવું
to learn = શીખવું
to feed = ખવાડવું
those = પેલા (thatનું બહુવચન)
to carry = લઈ જવું, ઉચકી જવું
their = તેમનું
morning = સવાર
to beat = ફટકાવવું, ઠોકવું
a letter = પત્ર
a servant = નોકર
a bed = બીછાનું, પથારી
to send = મોકલવું
a present = બક્ષીસ
head = મુખ્ય
head-master = મુખ્ય શિક્ષક
English = અંગ્રેજી
Arithmetic = ગણિત
gift = બક્ષીસ
birth = જન્મ
day = દિવસ

birthday = જન્મદિવસ
to ask = પૂછવું
an answer = જવાબ
a garland = હાર
to fetch = લાવવું
water = પાણી
to explain = સમજાવવું
a neighbour = પાડોશી
a spade = કોદાળી

LESSON III

The Tense

[1]

We play.

You laugh.

He kills a snake.

We kick the ball.

These girls cook our food.

ઉપલા દરેક વાક્યમાં ક્રિયાપદ ચાલુ ક્રિયા સૂચવે છે.

We play, અમે રમીએ છીએ, એ વાક્યમાં 'play', 'રમીએ છીએ' એ ક્રિયા ચાલુ વખતમાં બને છે. માટે એ વાક્યમાં ક્રિયાપદ present tense માં કહેવાય.

Present = વર્તમાન

Tense = કાળ, વખત

Present tense = વર્તમાનકાળ

એજ પ્રમાણે ઉપર આપેલાં બીજાં વાક્યોમાં laugh, kill, kick, cook, એ ક્રિયાપદો પણ Present tense માં છે.

સાધારણ નિયમ એવો છે કે ત્રીજા પુરુષ એક વચનનાં ક્રિયાપદને s પ્રત્યય લગાડવાથી, તેનું વર્તમાન-કાળનું રૂપ થાય છે; બહુવચનનાં ક્રિયાપદ કંઈ પણ પ્રત્યય વિના વર્તમાનકાળનાં રૂપ તરીકે વપરાય છે.

[2]

We play*ed*.
You laugh*ed*.
He kill*ed* a snake.
We kick*ed* the ball.
These girls cook*ed* our food.

ઉપલા દરેક વાક્યમાં ક્રિયાપદ અત્યાર પહેલાં થએલી, એટલે કે આગલા વખતમાં બનેલી ક્રિયા સૂચવે છે.

We play*ed*, અમે રમ્યા, એ વાક્યમાં 'play*ed*' 'રમ્યા' એ ક્રિયા આગલા વખતમાં બની હતી. માટે એ વાક્યમાં ક્રિયાપદ Past tense માં કહેવાય.

Past = ભૂત, આગલું, બની ગએલું

Past tense = ભૂતકાળ

નોંધ. સાધારણ નિયમ એવો છે કે ક્રિયાપદનાં મૂળ રૂપને ed પ્રત્યય લગાડવાથી તેનું ભૂતકાળનું રૂપ બને છે. માટે ઉપર આપેલાં વાક્યોમાં

to play નું ભૂતકાળનું રૂપ play*ed*,
to laugh „ laugh*ed*,
to kill „ kill*ed*,
to kick „ kick*ed*,
to cook „ cook*ed*,

એ પ્રમાણે રૂપ બન્યાં છે.

[3]

We *shall* play.
You *will* laugh.
He *will* kill a snake.
We *shall* kick the ball.
These girls *will* cook our food.

ઉપલા દરેક વાક્યમાં ક્રિયાપદ હવે પછી થનારી ક્રિયા સૂચવે છે.

We *shall* play, અમે રમીશું, એ વાક્યમાં '*shall* play', 'રમીશું'. એ ક્રિયા હવે પછી બનશે. માટે એ વાક્યમાં ક્રિયાપદ Future tense માં કહેવાય.

Future = ભવિષ્યનું, હવે પછી બનનારૂં

Future tense = ભવિષ્યકાળ

નોંધ. સાધારણ નિયમ એવો છે કે મુખ્ય ક્રિયાપદના મૂળ રૂપ સાથે shall અથવા will સાહાય્યકારક ક્રિયાપદની મદદથી તેનું ભવિષ્યકાળનું રૂપ બને છે. માટે ઉપર આપેલાં વાક્યોમાં

to play	નું ભવિષ્યકાળનું રૂપ	*shall* play,
to laugh	,,	*will* laugh,
to kill	,,	*will* kill,
to kick	,,	*shall* kick,
to cook	,,	*will* cook

એ પ્રમાણે રૂપ બન્યાં છે.

મનોયત્ન

(1) નીચે આપેલાં વાકયોનાં ક્રિયાપદ Present tense માં છે; તે દરેકને (૧) Past tense, અને (૨) Future tense માં ફેરવી વાકયો ફરી લખો.

દાખલો : Boys laugh. *(Present tense)*

એને ફરી લખતાં (૧) Boys laughed. (Past tense)

(૨) Boys will laugh.(Future tense)

એ પ્રમાણે થાય છે.

1 Hari kills a scorpion.
2 My aunt lights the lamp.
3 The girls fill the pot with water.
4 Our gardener works hard.
5 Latif opens his umbrella.
6 Those girls boil water.
7 The boat sails in the river.
8 My aunt cooks our food every day.
9 We play football.
10 The gardener picks flowers.

(2) નીચે આપેલાં વાક્યોનાં ક્રિયાપદ Past tense માં છે; તે દરકને (૧) Present tense, અને (૨) Future tense માં ફેરવી વાક્યો ફરી લખો:—

1 The horse jumped.
2 A kind boy helped the blind man.
3 That tall man walked very fast.
4 A cat climbed on the wall.
5 The lion roared in his cage.
6 Sita filled her pot with water.
7 His brother failed in the examination.

8 The girls in the garden gathered flowers.
9 The master called you.
10 The farmer worked hard in the field.

(3) નીચે આપેલાં વાક્યોનાં ક્રિયાપદ Future tense માં છે; તે દરેકને (૧) Present tense, અને (૨) Past tense માં ફેરવી વાક્યો ફરી લખો:—

1 We shall ask him a question.
2 He will answer me.
3 God will help you.
4 The school will re-open on Monday.
5 He will jump from the tree.
6 We shall play cricket in the field.
7 The boy will lift the box.
8 The master will call the boy.
9 The cat will kill the mice.
10 We shall offer him some fruit.

(4) કૌંસમાં બતાવેલાં ક્રિયાપદને (૧) Present tense માં, (૨) Past tense માં, (૩) અને Future tense માં વાપરી નીચેનાં વાક્યો પૂર્ણ કરો.

1 The stag (to look) into the water.
2 The horses (to jump) over the wall.
3 The boys in the fourth class (to learn) the Geography of India.

4 His father (to ask) him a question.
5 Nanu (to work) very hard.
6 Our guest (to stay) here.
7 Our team (to play) a match.
8 The dog (to lick) a bone.
9 The farmer (to till) his field.
10 The boy (to open) the window.
11 The naughty boy (to soil) his own clothes.

NEW WORDS

a snake = સાપ
to kick = લાત મારવી
these = આ (this નું બહુવચન)
food = ખોરાક
a scorpion = વીંછી
to light = સળગાવવું
a lamp = દીવો
a pot = વાસણ
with = વતી
well = સારી રીતે
to re-open = ઉઘાડવું
an umbrella = છત્રી
to boil = ઉકાળવું
a boat = હોડી, નાનું વહાણ
to sail = હંકારવું
a river = નદી
football = ફૂટ બૉલ
to pick = ચૂંટવું
to help = મદદ કરવી
blind = આંધળું
a cat = બિલાડી
to fail = નિષ્ફળ જવું
an examination = પરીક્ષા
to gather = ભેગા કરવું
industrious = ઉદ્યમી
hard = સખત, સખત રીતે
God = ઈશ્વર
to lift = ઊંચકવું
a stag = સાબર
to look = ધ્યાન આપી જોવું

into = ની અંદર
over = થી, ઉપર
Geography = ભૂગોળ
India = હિન્દુસ્તાન
to bask = તડકો ખાવો
sunshine = તડકો
a guest = મહેમાન
to stay = રહેવું

a match = હરીફાઈની રમત, સ્પર્ધાની રમત
to lick = ચાટવું
a bone = હાડકું
a farmer = ખેડુત
to till = ખેડવું
naughty = તોફાની
to soil = બગાડવું

LESSON IV

The Present Tense

1	I walk.	We walk.
	Thou walk*est*.	You walk.
	He walk*s*.	They walk.
2	I laugh.	We laugh.
	Thou laugh*est*.	You laugh.
	He laugh*s*.	They laugh.
3	I watch.	We watch.
	Thou watch*est*.	You watch.
	He watch*es*.	They watch.

4 I dress. We dress.
Thou dress*est*. You dress.
He dress*es*. They dress.

5 I try. We try.
Thou tri*est*. You try.
He tri*es*. They try.

આ દાખલાઓમાં ક્રિયાપદનાં વર્તમાનકાળનાં રૂપ વાપર્યાં છે.

ક્રિયાપદના વર્તમાનકાળનાં રૂપ બનાવવા સાધારણ નિયમ નીચે પ્રમાણે છે.

(૧) બહુવચનમાં ક્રિયાપદનું મૂળ રૂપજ વર્તમાનકાળનાં રૂપ તરીકે વપરાય છે.

(૨) પહેલા પુરુષ એકવચનમાં પણ ક્રિયાપદનું મૂળ રૂપજ વર્તમાનકાળનાં રૂપ તરીકે વપરાય છે.

(૩) બીજા પુરુષ એકવચનનાં ક્રિયાપદને st કે est પ્રત્યય લગાડવાથી તેનું વર્તમાનકાળનું રૂપ થાય છે. (પણ યાદ રાખવું કે અંગ્રેજીમાં બીજા પુરુષ એકવચનનો ઉપયોગ જવલ્લેજ થાય છે, અને તેથી એ પ્રયોગ પર હાલ બહુ ધ્યાન આપવાની જરૂર નથી.)

(૪) ત્રીજા પુરુષ એકવચનનાં ક્રિયાપદને s પ્રત્યય લગાડવાથી તેનું વર્તમાનકાળનું રૂપ બને છે.

નોંધ. એ પ્રમાણે s પ્રત્યય લગાડતાં જોડણીના સામાન્ય નિયમો* ધ્યાનમાં રાખવા.

To be અને to have ક્રિયાપદના વર્તમાન-કાળનાં રૂપ નીચે પ્રમાણે છે તે ધ્યાનમાં રાખવું.

To be

	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	I am.	We are.
બીજો પુરુષ	Thou art.	You are.
ત્રીજો પુરુષ	He is.	They are.

To have

	એકવચન	બહુવચન
પહેલો પુરુષ	I have.	We have.
બીજો પુરુષ	Thou hast.	You have.
ત્રીજો પુરુષ	He has.	They have.

*** જોડણીના સામાન્ય નિયમો.**

૧. જે શબ્દોના મૂળ રૂપમાં છેડે s, sh, ss, ch, x, z, zz કે o હોય તેને વ્યંજન થી શરૂ થતા પ્રત્યય લગાડતાં તે પ્રત્યય આગળ e મૂકી પછી પ્રત્યય વપરાય છે.

૨. શબ્દનાં મૂળ રૂપમાં છેડે y હોય, અને એ y ની તરતજ આગળ વ્યંજન હોય, તો તે y ને બદલે ie મૂકી પછી પ્રત્યય લાગે છે.

મનોયત્ન

(1) કૌંસમાં બતાવેલા ક્રિયાપદોના Present tense નાં રૂપ વાપરી નીચે આપેલાં વાક્યો પૂર્ણ કરી ફરી લખો.

1 The sun (to shine) in the sky.
2 We (to go) to school.
3 Sita (to go) to school.
4 Rehman (to read) a book.
5 The boys (to read) their lessons.
6 Rama (to wash) his face.
7 Sita (to stitch) her clothes.
8 The mother (to kiss) the baby.
9 He (to play) in the garden.
10 The bird (to fly) to its nest.
11 The baby (to cry) in its cradle.
12 A bee (to buzz) in the garden.
13 The horse (to eat) grass.
14 He (to mix) soap and water.
15 The boys (to watch) the game.
16 Freni (to watch) the game.
17 The cruel boy (to crush) the ant.
18 The boy (to press) his book.
19 The mother (to dry) our clothes.
20 I (to try) this soap.

(૨) નીચેનાં રૂપ ક્રિયાપદ તરીકે વાપરી વાક્યો બનાવો.

tries	watches	fixes	talks
go	does	cook	wash
pry	pray	prays	praise
pries	praises	promises	dress

NEW WORDS

to watch = ધ્યાનથી જોવું
to dress = કપડાં પહેરવાં, કપડાં પહેરાવવાં
to try = કોશીશ કરવી
to go = જવું
to wash = ધોવું
to stitch = ટાંકા મારવા
to kiss = ચુંબન કરવું
to fly = ઊડવું, ઊડીને જવું
to cry = રડવું
a cradle = પારણું
to buzz = ગણગણ કરવું
to mix = એકઠું કરવું, મિશ્ર કરવું
a game = રમત
to crush = કચડી નાંખવું
to press = દબાવવું
to dry = સુકાવવું
soap = સાબુ
to fix = જડવું, ચોક્કસ કરવું
to pry = અંદર જોવું
to praise = વખાણ કરવાં

LESSON V

The Past Tense—Regular

[1]

They help me. — They help*ed* me.

Rasul paints a picture. — Rasul pain*ted* a picture.

The tiger kills a goat.	The tiger kill*ed* a goat.

આગલા પાઠમાં જોયું તે પ્રમાણે સાધારણ નિયમ એવો છે કે ક્રિયાપદના મૂળ રૂપને ed પ્રત્યય લગાડવાથી તેનું ભૂતકાળનું રૂપ બને છે.

પણ એ સામાન્ય નિયમને ઘણા અપવાદો છે.

[2]

I love.	I love*d*.
I close the door.	I close*d* the door.
Cattle graze in the field.	Cattle graze*d* in the field.
They like the sweetmeats.	They like*d* the sweetmeats.
Some men live in that house.	Some men live*d* in that house.

ઉપરનાં વાક્યોથી જણાશે કે ક્રિયાપદના મૂળ રૂપને છેડે e હોય ત્યારે તેને માત્ર d લગાડવાથી તેનું ભૂતકાળનું રૂપ બને છે.

[3]

The boys learn their lessons.	The boys learn*ed* their lessons. The boys learn*t* their lessons.
I burn the paper.	I burn*ed* the paper. I burn*t* the paper.

To learn, to burn, એવાં કેટલાંક ક્રિયાપદનાં મૂળ રૂપને ed અથવા t પ્રત્યય લગાડવાથી તેનું ભૂતકાળનું રૂપ બને છે.

[4]

Sita knits a sock.	Sita knit*ted* a sock.
Some one taps the door.	Some one tap*ped* the door.
The young birds flap their wings.	The young birds flap*ped* their wings.

જો ક્રિયાપદ

(૧) માત્ર એકજ syllable નું હોય,

(૨) તેને છેડે વ્યંજન હોય, અને

(૩) તે વ્યંજનની આગળ એકજ સ્વર હોય તો તે વ્યંજન બેવડાવી પછી તેને ed લગાડવામાં આવે છે.

નોંધ. જે ક્રિયાપદના મૂળ રૂપને ed, d, અથવા t પ્રત્યયથી ભૂતકાળનું રૂપ થાય છે તે Regular verb, નિયમિત ક્રિયાપદ કહેવાય છે.

Regular = નિયમિત.

એવાં ક્રિયાપદ કેટલીક વાર weak verbs, 'નબળાં ક્રિયાપદ' પણ કહેવાય છે; કારણ કે તે એવાં 'નબળાં' છે કે ed, d, અથવા t પ્રત્યયની મદદ વિના પોત્તાનું ભૂતકાળનું રૂપ બનાવી શકતાં નથી.

મનોયત્ન

(૧) નીચેનાં વાક્યોમાં વર્તમાનકાળમાં આવેલાં ક્રિયાપદોને ભૂતકાળનાં રૂપમાં ફેરવી વાક્યો ફરી લખો.

1 Sita loves her mother.
2 The hunter kills a lion.
3 We help our neighbours.
4 My mother bakes bread for us.
5 The bees hum near their hives.

6 Two elephants bathe in the river.
7 Sparrows chirp on the roof.
8 Idle boys waste their time.
9 The gardener plants new shrubs.
10 The baby cries in the cradle.
11 The mother rocks the cradle.
12 My sisters learn new songs.
13 The head-master punishes the boys.
14 Some women carry baskets on their heads.
15 Govind touches the master's table.
16 The master punishes the boys.
17 My uncle promises me a birthday present.
18 I thank him for his kindness.
19 A good boy obeys his master's orders.
20 That little girl likes a mango.

(૨) નીચેનાં વાક્યોમાં ભવિષ્યકાળમાં આવેલાં ક્રિયાપદોને ભૂતકાળમાં ફેરવી વાક્યો ફરી લખો.

1 The horse will graze in the field.
2 The servant will bathe the child.
3 The dog will bark at night.
4 Our guests will reach here in the evening.

5 They will dine at 8 o'clock.
6 The dog will dive into the river.
7 The new moon will appear in the west.
8 My mother will open the door.
9 Hakim will play in the garden.
10 The girl will burn her fingers.
11 My friend will try his new bicycle.
12 I shall ask him some questions.

(3) નીચેનાં વાક્યોમાં ભૂતકાળમાં આવેલાં ક્રિયાપદોને વર્તમાનકાળમાં ફેરવી વાક્યો ફરી લખો.

1 He prayed.
2 The lion killed a goat.
3 Rama and Sita helped the blind man.
4 He thanked them for their kindness.
5 Your ox grazed in my field.
6 The poor child cried aloud.
7 He dipped his pen in the inkstand.
8 The children played in the garden.
9 The tiger killed the wolf.
10 The labourer pushed the cart.
11 The girl closed the box.
12 He confessed his fault.

(4) કૌંસમાં બતાવેલાં ક્રિયાપદોને Past tense માં વાપરી નીચેનાં વાક્યો પૂર્ણ કરોઃ—

1 The mother (to kiss) her baby.
2 The monkey (to climb) the tree.
3 The horse (to jump) over the wall.
4 We (to print) books.
5 The teacher (to ask) the boys their lesson.
6 His father (to bless) him.
7 The boys (to copy) the sum from the blackboard.
8 The carpenter (to polish) the table.
9 The gardener (to water) the flower-beds.
10 The dog (to drop) the bone in the river.
11 The boys (to watch) the cricket match.
12 The carpenter (to fix) a nail in the wood.

NEW WORDS

to paint = ચીતરવું
a picture = છબી
to close = બંધ કરવું
cattle = ઢોર
sweetmeats = મીઠાઈ
a sock = મોજું
some one = કોઈ એક
to open = ઉઘાડવું
to flap = ફફડાવવું
a wing = પાંખ

a syllable = એકી શ્વાસે બોલાય એવો શબ્દનો ભાગ
to bake = સેકવું
bread = રોટલી
to hum = ગણુગણાટ કરવો
a hive = મધપૂડો
to bathe = નહાવું
a pond = તળાવ
a sparrow = ચકલી
to chirp = ચીં ચીં કરવું
idle = આળસુ
to waste = નકામું બગાડવું
time = વખત
to plant = રોપવું
a shrub = છોડવો
to rock = હીંચોળવું
to promote = વર્ગ ચઢાવવો
a basket = ટોપલી
a head = માથું
to touch = અડકવું
to punish = શિક્ષા કરવી
to thank = આભાર માનવો
for = ને માટે
kindness = માયા, મેહેરબાની
to obey = આજ્ઞા પાળવી
an order = હુકમ, આજ્ઞા
to like = ગમવું
a mango = કેરી
to pull = ખેંચવું
a rope = દોરડું
to bark = ભસવું
evening = સાંજ
to dine = જમવું
o'clock = ઘડિઆળનો વખત
the moon = ચંદ્ર
to appear = દેખાવવું
to dive = ડૂબકી મારવી
a goat = બકરું
aloud = મોટેથી
to dip = બોળવું
a wolf = વરૂ
a labourer = મજૂર
to print = છાપવું
price = કિંમત
to bless = આશીર્વાદ આપવા
to copy = નકલ કરવી
a sum = સરવાળો, દાખલો
from = થી, માંથી
a blackboard = કાળું પાટીઉ
a carpenter = સુથાર
to polish = સફાઈ આણવી
wood = લાકડું
to water = પાણી રેડવું
a flower-bed = ફૂલના કયારા
to drop = પાડવું, નાંખવું
a nail = ખીલો

LESSON VI

The Past Tense—Irregular

[1]

He *cuts* grass.	He *cut* grass yesterday.
They now *put* aside their books.	They *put* aside their books yesterday.
The captain *hits* well.	The captain *hit* well in the last match.

ઉપર આપેલાં વાક્યોથી જણાશે કે to cut, to put, to hit એ ક્રિયાપદોનાં મૂળ રૂપજ ભૂતકાળમાં વપરાય છે.

વળી નીચે આપેલાં ક્રિયાપદો પણ એજ પ્રમાણે મૂળ રૂપેજ ભૂતકાળમાં વપરાય છે.

Present tense	*Past tense*
to cast = કાઢી નાંખવું, ફેંકી દેવું	cast
to cost = કિંમત પડવી	cost
to shut = બંધ કરવું	shut
to hurt = ઇજા કરવી	hurt

to set = ગોઠવવું, બેસાડવું	set
to rid = દૂર કરવું	rid
to let = ભાડે આપવું, કરવા દેવું	let

[2]

I *write* a letter.	I *wrote* a letter.
They *know* the man.	They *knew* the man.
Manu *gives* a book.	Manu *gave* a book.
These girls *sing* well.	These girls *sang* well.
The old woman *spins* daily.	The old woman *spun* daily.
My brothers *begin* their lessons in the morning.	My brothers *began* their lessons in the morning.

To write, to know, to give, to sing, to spin, to begin, એ એવાં ક્રિયાપદો છે કે તેનાં મૂળ રૂપના એકાદ સ્વરમાં ફેરફાર થવાથી તેનું ભૂતકાળનું રૂપ બને છે.

વળી નીચે આપેલાં ક્રિયાપદોનાં ભૂતકાળનાં રૂપ પણ એવીજ રીતે (એટલે કે મૂળ રૂપના એકાદ સ્વરમાં ફેરફાર કરવાથી) બને છે.

The root-verb	*Past tense*
to become = થવું	became
to ring = વગાડવું (દાં. ત. ઘંટ)	rang
to grow = વધવું, ઉગાડવું	grew
to come = આવવું	came
to fall = પડવું	fell
to hold = પકડવું	held
to ride = સ્વારી કરવી	rode
to run = દોડવું	ran
to win = જીતવું	won
to sit = બેસવું	sat
to shine = પ્રકાશવું	shone
to bite = કરડવું	bit

I *catch* a ball.	I *caught* a ball.
The master *teaches* a new lesson.	The master *taught* a new lesson.
They *lose* money in the business.	They *lost* money in the business.
He *tells* the truth.	He *told* the truth.
The boys *shake* the tree.	The boys *shook* the tree.

I *do* my lessons. I *did* my lessons.

To catch, to teach, to lose, to tell, to shake, to do, એ એવાં ક્રિયાપદો છે કે તેનાં મૂળ રૂપમાં આવતા અનેક સ્વર કે વ્યંજનમાં ફેરફાર થઈ ભૂતકાળનાં રૂપ બને છે.

નીચે બતાવેલાં ક્રિયાપદો પણ એજ વર્ગનાં છે.

The root-verb	*Past tense*
to bind = બાંધવું	bound
to keep = રાખવું	kept
to leave = છોડી જવું	left
to sleep = ઊંઘવું	slept
to think = વિચાર કરવો	thought
to sell = વેચવું	sold

I *am*. I *was*.

The flowers *are* sweet. The flowers *were* sweet.

The boys *go* to school. The boys *went* to school.

ઉપરનાં વાક્યોમાં વપરાયલાં ક્રિયાપદોથી જણાશે કે કેટલાંક ક્રિયાપદોના મૂળ રૂપથી જુદાજ શબ્દોથી તેનાં ભૂતકાળનાં રૂપ બને છે.

નોંધ: જે ક્રિયાપદના મૂળરૂપને ed, d, અથવા t પ્રત્યય લગાડ્યા વિના બીજી રીતે ભૂતકાળનું રૂપ થાય છે તે Irregular verb, અનિયમિત ક્રિયાપદ કહેવાય.

Irregular = અનિયમિત

એવાં ક્રિયાપદ કેટલીક વાર strong verbs પણ કહેવાય છે.

મનોયત્ન

[1] નીચેનાં વાક્યોમાં આવતાં ક્રિયાપદો વર્તમાન-કાળમાં છે, તેને ભૂતકાળમાં વાપરી વાક્યો ફરી લખો.

1 The master writes on my slate.
2 An apple falls to the ground.
3 You hold a book in your hand.
4 Sita sleeps under the tree.
5 My cat catches many mice.
6 The postman gives him a letter.
7 I go to the post office.
8 The head-master teaches us English.
9 The sun rises in the east.
10 I am ready.
11 He sets his foot on the ground.
12 The girl shuts the window.
13 She sits on a chair.
14 The sun shines in the sky.

15 I hold an umbrella in my hand.
16 He leaves the house.
17 My neighbour keeps many dogs.
18 Ramu does his work well.
19 A girl wins the prize.
20 The child runs to his mother.

(2) નીચેનાં વાક્યોમાં ભવિષ્યકાળમાં આવેલાં ક્રિયાપદોને ભૂતકાળમાં ફેરવી વાક્યો ફરી લખોઃ—

1 This book will cost a rupee.
2 I shall write to your brother.
3 The farmer will grow cotton.
4 You will lose your money.
5 My aunt will teach me Geography.
6 He will begin work at 2 o'clock.
7 The train will leave at 4 o'clock.
8 The servant will ring the bell.
9 The cruel boy will hurt the poor dog.
10 I shall ride the brown horse.
11 We shall sit near the window.

(3) નીચેનાં વાક્યોમાં ભૂતકાળમાં આવેલાં ક્રિયાપદોને વર્તમાનકાળમાં ફેરવી વાક્યો ફરી લખોઃ—

1 The farmer began his work in April.
2 My friend came to my house.
3 The mother held the baby in her arms.

4 The master gave him a prize.
5 A nail hurt his foot.
6 The dog shook his ears.
7 The lady sang in the morning.
8 The cattle went to the pond.
9 She kept a dog.
10 The boy left school.
11 The cat sat on the roof.
12 A bright light shone in his room.

(4) કૌંસમાં બતાવેલાં ક્રિયાપદોને Past tense માં વાપરી નીચેનાં વાક્યો ફરી લખો:—

1 I (to bind) a book.
2 The boy (to keep) a purse in his pocket.
3 We (to go) to the garden.
4 They (to spin) daily.
5 The lion (to sleep) under a tree.
6 A hunter (to catch) a lion in a net.
7 The lion (to roar).
8 A mouse (to come) to the tree.
9 The mouse (to cut) the net with its teeth.
10 The lion (to become) free.
11 The mouse (to run) to his hole.
12 The lion (to go) to his den.

NEW WORDS

to cut = કાપવું
yesterday = ગઈ કાલે
now = હવે, હમણાં
to put = મૂકવું
aside = બાજુએ
a captain = રમતની ટૂકડીનો સરદાર
to hit = તાકીને મારવું
last = છેલ્લું
to spin = કાંતવું
daily = દરરોજ
to begin = શરૂ કરવું
to catch = પકડવું
to lose = ખોવું
money = નાણાં, પૈસા
a business = ધંધો
truth = સત્ય
to shake = હલાવવું, ધ્રુજાવવું
sweet = મધુર, મીઠું
an apple = સફરજન
under = નીચે
a postman = ટપાલી
a letter = પત્ર
a post office = પોસ્ટ ઑફિસ
east = પૂર્વ
cotton = કપાસ, રૂ
a train = ગાડીઓની હાર
a bell = ઘંટ
poor = ગરીબ
an arm = હાથ
an ear = કાન
bright = ચળકતું
a light = દીવો, પ્રકાશ, તેજ
a diary = નોંધપોથી
a pocket = ખીસું, ગજવું
a net = જાળ
whole = આખું
to roar = ગર્જવું
teeth = દાંત
free = છૂટું, સ્વતંત્ર, મફત
a hole = દર, કાણું
a den = ગુફા

LESSON VII

The Future Tense—Shall and Will

I

I shall read to-morrow.

We shall go to Bombay.

You will be ten years old on Tuesday.

He will join school.

She will help her uncle.

They will go to Madras to-morrow.

The master will not come to-day.

The train will start at six o'clock.

આગળ કહી ગયા પ્રમાણે ભવિષ્યકાળ બતાવવાને મુખ્ય ક્રિયાપદની જોડે shall અથવા will સાહાય્યકારક ક્રિયાપદની મદદ લેવાય છે.

જ્યારે અમુક કામ ભવિષ્યમાં થનાર છે, એટલુંજ જણાવવાનું હોય ત્યારે :

(૧) પહેલા પુરુષમાં મુખ્ય ક્રિયાપદની આગળ shall વપરાય છે;

(૨) બીજા અને ત્રીજા પુરુષમાં મુખ્ય ક્રિયાપદની આગળ will વપરાય છે.

ઉપરનાં બધાં વાક્યોમાં ક્રિયાપદ માત્ર ભવિષ્ય સૂચવે છે, એટલે કે અમુક ક્રિયા થનાર છે એટલોજ અર્થ બતાવે છે.

II

હવે નીચેનાં વાક્યોમાં shall અને will નો ખાસ અર્થમાં થયલો ઉપયોગ સમજો.

I will be diligent.

You shall not lie.

He shall leave my house at once.

I will not hurt you.

He does not like it, but he shall obey my orders.

આ વાક્યોમાં માત્ર ભવિષ્ય સૂચવવા ઉપરાંત વચન, આજ્ઞા, ધમકી અથવા નિશ્ચય પણ સૂચવાયાં છે. એવો અર્થ સૂચવવાનો હોય ત્યારે:

(૧) પહેલા પુરુષમાં મુખ્ય ક્રિયાપદની આગળ will વપરાય છે;

(૨) બીજા અને ત્રીજા પુરુષમાં મુખ્ય ક્રિયાપદની આગળ shall વપરાય છે.

Shall અને Will ના અર્થ અને ઉપયોગ સમજવા નીચેનાં વાક્યો સરખાવો.

I *shall* see you, હું તમને મળીશ.

I *will* see you. હું તમને મળીશજ (વચન અથવા નિશ્ચયના અર્થમાં)

You *will* be here to-morrow. તમે કાલે અહિં હશો.

You *shall* be here to-morrow. તમે કાલે અહિં હશોજ (હોવાજ જોઈએ) (આજ્ઞાના અર્થમાં)

Hari *will* go, હરિ જશે.

Hari *shall* go. હરિએ જવુંજ પડશે. (આજ્ઞા-નિશ્ચયના અર્થમાં)

મનોયત્ન

(૧) માત્ર ભવિષ્યનો અર્થ આવે એવી રીતે ક્રિયાપદનાં રૂપો વાપરી નીચેનાં વાક્યો ફરી લખો.

1 I read a newspaper.
2 He went to the library.
3 The boy goes to school.
4 The servant rings the bell.
5 Rustom and Sorab run a race.
6 You gave me my pen.
7 Our mother cooks our dinner.
8 I helped him.
9 The boy attended his class.
10 You mend the pencil.
11 The servant carried the basket.
12 The men slept in the garden.

(૨) આજ્ઞા, વચન, કે નિશ્ચયનો અર્થ સૂચવાય એવી રીતે ક્રિયાપદનાં રૂપો વાપરી ઉપરનાં વાક્યો ફરી લખો.

(૩) જેમાં નીચે આપ્યા પ્રમાણે કર્તા હોય એવાં, માત્ર ભવિષ્ય સૂચવતાં વાક્યો બનાવો.

The tailor.	I.	My nephew.
The carpenter.	You.	Your sister.
The washerman.	We.	Our friend.
The servant.	They.	Their servant.
The goldsmith.	He.	His neighbour.

NEW WORDS

to-morrow = આવતી કાલે
together = સાથે, જોડે જોડે
to join = જોડાવવું
to start = નીકળવું
diligent = મહેનતુ
to lie = જૂઠું બોલવું
at once = એકદમ
but = પણ
a newspaper=છાપું, વર્તમાનપત્ર

a library = પુસ્તકાલય
a thief = ચોર
a jail = બંદીખાનું, કેદખાનું
a race = સરત
to attend = માં હાજર રહેવું, ધ્યાન આપવું
to mend = સુધારવું, ઘડવું
a tailor = દરજી
a washerman = ધોબી

a goldsmith = સોની.



PART II

LESSON I

The Present Participle

The gentleman **wearing** a turban is my uncle.

His little sister is **singing** a song.

There is a lady **sitting** in the garden.

The farmer reaps the corn **growing** in his fields.

The policeman called the man **standing** on the road.

I worship the **rising** sun.

We see the sun **rising** in the east.

The master is **writing** with a piece of chalk.

Some stars were **twinkling** in the sky.

The man was **cutting** a tree.

The boy **sitting** on the chair whistles.
The children come **running.**

ઉપલાં વાક્યોમાં ક્રિયાપદોને ing પ્રત્યય લાગી જે જે રૂપ બન્યાં છે તે દરેક ક્રિયાપદ ઉપરાંત વિશેષણની ગરજ સારે છે.

દા. ત. I worship the rising sun, હું ઊગતા સૂર્યને પૂજું છું. એમાં "rising", "ઉગતા" એ શબ્દ વિશેષણ તરીકે વપરાયો છે.

ક્રિયાપદનું જે રૂપ ક્રિયા સૂચવવા ઉપરાંત વિશેષણનો અર્થ પણ સૂચવે તે The participle કહેવાય.

Participle = કૃદંત.

ઉપરનાં વાક્યોમાં આવેલાં દરેક participle ચાલુ અને અપૂર્ણ ક્રિયા સૂચવે છે.

જે participle ચાલુ અથવા અપૂર્ણ ક્રિયા સૂચવે તે Present participle, (વર્તમાન કૃદંત) કહેવાય.

ક્રિયાપદના મૂળ રૂપને ing પ્રત્યય લગાડવાથી તેનું Present participle નું રૂપ થાય છે.

મૂળ રૂપને છેડે શાંત e હોય તો તે ing પ્રત્યય પહેલાં નીકળી જાય છે; દા. ત. shineમાં છેવટે e છે તેનો ઉચ્ચાર થતો નથી તેથી shineનું વર્તમાન કૃદંત shining

થાય. પણ જો ક્રિયાપદના મૂળ રૂપને છેડે e બોલાતો ન હોય, તો તે e કપાતી નથી ને ing લગાડાય છે; દા. ત. beનું વર્તમાન કૃદંત being થાય છે.

મૂળ રૂપને છેડે એકજ વ્યંજન હોય, અને તે વ્યંજનની આગળ એકજ સ્વર હોય તો ing પ્રત્યય પહેલાં છેડેનો વ્યંજન બેવડો થાય છે. દાખલા:—

Verb	+	*ing*	—	*Present participle*
to stand	+	ing	—	standing
to go	+	ing	—	going
to break	+	ing	—	breaking
to fall	+	ing	—	falling
to reap	+	ing	—	reaping
to be	+	ing	—	being
to shine	+	ing	—	shining
to live	+	ing	—	living
to bite	+	ing	—	biting
to dive	+	ing	—	diving
to love	+	ing	—	loving
to have	+	ing	—	having
to hit	+	ing	—	hitting

to knit	+ ing —	knitting
to dip	+ ing —	dipping
to stop	+ ing —	stopping
to let	+ ing —	letting

અનોયત્ન

[1] નીચે સામસામાં ગોઠવેલાં વાક્યોને એવી રીતે એક કરો કે કાળા અક્ષરે છાપેલાં ક્રિયાપદના Present participle નાં રૂપ કાળા અક્ષરે છાપેલા નામ જોડે સંબંધ ધરાવતાં થાય. દાખલો—

A **beggar** comes here. He **wanders.**

એ બે વાક્યોને ઉપર સૂચવ્યા પ્રમાણે એક કરીએ તો A wandering beggar comes here, એ પ્રમાણે એક વાક્ય બને.

1 Balu strikes the **dog.**	It **barks.**
2 The **girl** is foolish.	She **laughs.**
3 The **baby smiles.**	It is happy.
4 I hear the **lion.**	He **roars.**
5 The **boy** reads a book.	He **stands.**
6 The servant pours water on the **log.**	It **burns.**
7 My mother gave me this **button.**	It **shines.**
8 The **scouts march.**	They go to camp.

[2] Present participle નો ઉપયોગ કરી નીચે આપેલાં સામસામાં વાક્યોને એક કરો.

1 The cow is mine.	She grazes in the field.
2 I saw the boy.	He sold flowers.
3 The girl is my sister.	She wears a rose.
4 The crow dropped pebbles in the jug of water.	It was thirsty.
5 I see a parrot.	It sits in a cage.
6 This box is mine.	It contains books.
7 The birds are happy.	They chirp in the trees.
8 The boys read their lessons.	They hold books in their hands.
9 Those girls study in our school.	They sing.
10 That lady sits in the garden.	She is my aunt.

NEW WORDS

to worship = પૂજા કરવી
to wear = પહેરવું
a turban = પાઘડી
to charm = મોહ પમાડવો
to reap = લણવું
corn = અનાજ, ધાન્ય
a policeman = પોલિસ
to twinkle = ઝબક ઝબક ચળકવું

to whistle = સીસોટી વગાડવી
foolish = મૂર્ખ
to smile = હસવું
ripe = પાકું
to pour = રેડવું
a button = બટન
to march = કૂચ કરવી
a camp = છાવણી
a pebble = કાંકરો
a jug = લોટો, ભોટવો
thirsty = તરસ્યું
to contain = અંદર ધરાવવું

LESSON II

The Past Participle

My master is a **learned** man.

Learned men are respected.

He drinks **boiled** water.

Boiled water is good for health.

My mother gave **cooked** rice to the beggars.

A **used** key is always bright.

My friends use **ruled** paper.

A **burnt** child dreads fire.

The **forsaken** dog seeks his master.

The cloth **spread** on the table is very pretty.

ઉપલાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ક્રિયાપદનાં રૂપ વિશેષણની ગરજ સારે છે.

દા. ત. My master is a learned man, મારો ગુરુ ભણેલો (વિદ્વાન્) માણસ છે. એમાં "learned", "ભણેલો" એ શબ્દ વિશેષણ તરીકે વપરાયો છે.

માટે એ અને એવાં રૂપો Participle છે. પણ અહિં વાપરેલાં બધાં કૃદંત પૂર્ણ થએલી ક્રિયા સૂચવે છે. માટે એ Past participle, ભૂત કૃદંત કહેવાય.

ક્રિયાપદના મૂળ રૂપને ed, d, en, n અથવા t પ્રત્યય લાગી તેનું Past participle નું રૂપ બને છે. કેટલાંક ક્રિયાપદોનાં મૂળ રૂપજ Past participle તરીકે પણ વપરાય છે, અને બીજાં કેટલાંક ક્રિયાપદોના Past participle તદ્દન અનિયમિત રીતે થાય છે. દાખલાઃ—

Verb	+ *ed, d, en, n* અથવા *t*	— *Past participle*
To cook	+ ed	— cooked
To use	+ d	— used

To be	+	en	— been
To forbid	+	en	— forbidden
To forsake	+	n	— forsaken
To burn	+	t	— burnt
To cut			— cut
To bring			— brought

NEW WORDS

to respect = માન આપવું
to boil = ઉકાળવું, ઉકળવું
health = તંદુરસ્તી
a beggar = ભિખારી
to use = વાપરવું
a key = ચાવી
always = હમેશાં
bright = ચળકતું
to rule = આંકવું
to fear = બ્હીવું
fire = અગ્નિ
to forsake = તજવું
to seek = શોધવું, ખોળવું
a cloth = કપડું
to spread = પાથરવું.

LESSON III

Some Irregular Verbs

સામાન્ય નિયમ કરતાં જુદી રીતે Past tense અને Past participle થતાં હોય એવાં કેટલાંક અગત્યનાં ક્રિયાપદોનાં રૂપ આ પાઠમાં આપ્યાં છે.

I

Present Tense	Past Tense	Past Participle
to burst = ફાટવું	burst	burst
to cast = નાંખવું, ફેંકવું	cast	cast
to cost = કિંમત પડવી	cost	cost
to cut = કાપવું	cut	cut
to hit = તાકીને મારવું	hit	hit
to hurt = ઇજા કરવી	hurt	hurt
to let = દેવું, છુટ આપવી, ભાડે આપવું	let	let
to put = મૂકવું	put	put
to rid = દૂર કરવું	rid	rid
to set = ગોઠવવું, આથમવું	set	set
to shut = બંધ કરવું	shut	shut
to split = ચીરવું	split	split
to spread = પાથરવું	spread	spread
to thrust = ઘોંચવું	thrust	thrust

II

to beat = મારવું, ઠોકવું	beat	beaten
to bend = વાળવું	bent	bent
to bind = બાંધવું	bound	bound
to bleed = લોહી નીકળવું, લોહી કાઢવું	bled	bled
to bless = આશીર્વાદ આપવા	blessed	blessed
to bring = લાવવું	brought	brought
to build = બાંધવું	built	built
to burn = બળવું, બાળવું	burned / burnt	burned / burnt

Present Tense	*Past Tense*	*Past Participle*
to buy = ખરીદવું	bought	bought
to catch = પકડવું	caught	caught
to cling = વળગવું	clung	clung
to come = આવવું	came	come
to creep = પેટ ઘસડી ચાલવું, ધીમે ધીમે આગળ વધવું	crept	crept
to curse = શ્રાપ આપવો	cursed	cursed
to dig = ખોદવું	dug	dug
to feed = ખવાડવું	fed	fed
to feel = લાગવું, અડકવું	felt	felt
to fight = લડવું	fought	fought
to find = શોધી કાઢવું	found	found
to flee = નાસી જવું	fled	fled
to fling = ફેંકવું	flung	flung
to get = મેળવવું	got	got
to grind = દળવું, પીસવું	ground	ground
to hang = લટકાવવું	hung	hung
to hang = ફાંસીએ ચઢાવવું	hanged	hanged
to have = ને છે, પાસે છે	had	had
to hear = સાંભળવું	heard	heard
to hold = પકડવું	held	held
to keep = રાખવું	kept	kept
to lay = મૂકવું	laid	laid
to lead = દોરવવું	led	led
to leave = છોડી દેવું	left	left
to lend = ધીરવું	lent	lent
to light = સળગાવવું	lighted, lit	lighted, lit
to load = ભાર ભરવો, લાદવું	loaded	loaded, laden

Present Tense	*Past Tense*	*Past Participle*
to lose = ખોવું, ગમાવવું	lost	lost
to make = બનાવવું	made	made
to meet, = મળવું	met	met
to pay = આપવું	paid	paid
to read, = વાંચવું	read	read
to run = દોડવું	ran	run
to say = કહેવું	said	said
to seek = શોધવું	sought	sought
to sell = વેચવું	sold	sold
to send = મોકલવું	sent	sent
to shine = પ્રકાશવું	shone	shone
to shoot = તાકીને વીંધવું, બંદુકથી વીંધવું	shot	shot
to sit = બેસવું	sat	sat
to sleep = ઉંઘવું	slept	slept
to spend = ખરચવું, ગાળવું	spent	spent
to stand = ઊભા રહેવું	stood	stood
to stick = ચોંટવું, વળગવું	stuck	stuck
to sting = ડંખ દેવો	stung	stung
to strike = મારવું, ઠોકવું, ફટકાવવું	struck	struck
to swing = હીંચકા ખાવા	swung	swung
to teach = શીખવવું	taught	taught
to tell = કહેવું	told	told
to think = વિચારવું	thought	thougt
to weep = રડવું	wept	wept
to win = જીતવું	won	won
to wind = ગોળ લપેટવું	wound	wound

III

Present Tense	*Past Tense*	*Past Participle*
to arise = ઊગવું	arose	arisen
to bear = વહી જવું, સહન કરવું	bore, bare	borne
to bear = જન્મ આપવો	bore, bare	born
to begin = શરૂ કરવું	began	begun
to bid = કહેવું, ફરમાવવું	bid, bade	bidden
to bite = કરડવું	bit	bitten
to blow = ફૂંકવું, ફૂંકાવવું	blew	blown
to break = ભાંગવું	broke	broken
to choose = પસંદ કરવું	chose	chosen
to clothe = કપડાં પહેરાવવાં	clothed	clothed, clad
to dare = હિંમત કરવી	dared, durst	dared
to do = કરવું	did	done
to draw = ખેંચવું, ચીતરવું	drew	drawn
to drink = પીવું	drank	drunk
to drive = હાંકવું	drove	driven
to eat = ખાવું	ate	eaten
to fall = પડવું	fell	fallen
to fly = ઊડવું	flew	flown
to forsake = તજી દેવું	forsook	forsaken
to freeze = ઠરવું, ઠારવું	froze	frozen
to go = જવું	went	gone
to give = આપવું	gave	given
to hide = સંતાડવું	hid	hidden
to know = જાણવું	knew	known
to lie = સૂઈ રહેવું, પડી રહેવું	lay	lain

Present Tense	*Past Tense*	*Past Participle*
